SHORT SENTENCES
ENGLISH AND GUJARATI.

WITH A

GLOSSARY OF

USEFUL WORDS

For the use of Schools

AND

Private Families.

SEVENTH EDITION.

BOMBAY:

PRINTED AT THE UNION PRESS.

1884.

Price 2 Annas.

૨૦૫૫

સુચના.

આ નાહાની ચોપડીમાં સમાવેલાં વાક્યોમાં નવું કંઈ નથી. અગાઉ જુદેજુદે રૂપે છપાયલાં વાક્યોમાંથી, તેમાં મુખ્યકરી, "ગ્રીનસ સેંટંસીસ"માંથી આ વાક્યો, પોતાનાં ઘરનાં બાળકોના ખાનગી અભ્યાસ માટે નીવડી કાહાડવામાં આવ્યાં હતાં, ને ગયાં બે ચાર વરસ થયાં એ વાક્યોની લખેલી નકલે, આ ચોપડી છપાવી પ્રગટ કરનારનાં કુટુંબમાં, કેટલેક દરજે પોતાનો ફાયદેમંદ ઉપયોગ દેખાડવાથી, જે બીજા કબીલાઓ તેનો લાભ લેવા ઇછતા હોય તેમનામાં પણ તેનો ફેલાવો કરવાની ધારણાથી તેને આ આકારમાં છપાવી કાહાડવાને વાજબી વીચારવામાં આવ્યુંછે. છપાવતી વખતે એમાં જે કંઈ ફેરફાર કરવામાં આવ્યોછે તે એજ છે કે કેટલાંક સહેલાં વાક્યો લખી કાહાડી તેને પેહેલવેહલાં મુક્યાંછે, ને તાર પછે ચહડતાં ચહડતાં ગોઠવ્યાં છે, જેથી

શીરૂઆતથી અભ્યાસ કરનારને કેટલેક દરજે સારી સેહેલાઈ જણાશે, એવી ઉમેદ રાખવામાં આવેછે.

એ ઉપરાંત એ વાક્યોને છેડે, એકાદ બે મીત્રોની ભલામણ ઉપરથી, કુટુંબ કબીલાઓમાં અને સંસાર વેહેવારમાં વપરાતા કેટલાક ઉપયોગી ઈંગ્રેજી શબ્દોનો એક ન્હાનો જેવો સંગ્રહ તેમના ગુજરાતી અર્થ સાથ દાખલ કરી આ નાનકડી ચોપડીના ઉપયોગમાં કંઈક દરજે વધારો કરયોછે.

મુંબઈ તા૦ ૧૦ મી આગસ્ટ ૧૮૭૨.

ન્હા. રૂ. રા.

———o———

આ નાહાની ચોપડીની બીજી આવૃત્તિમાં કંઈ સેજસાજ જે વધારો કરયોછે તે એ છે કે વાક્યોને છેડે કેટલીક ઈંગરેજી કેહેવતો, તેમના બંધ બેસતા ગુજરાતી અર્થોસાથ દાખલ કરીછે તથા ચીઠી પત્રી લખવાના એકાદ બે નાહાના જેવા નમુના વગેરે હુમેરીને એ ચોપડીના ઉપયોગમાં વધારો કરયોછે.

મુંબઈ તા૦ ૧૫ મી એપરીલ ૧૮૭૩.

ન્હા. રૂ. રાણીના.

SHORT SENTENCES

ENGLISH & GUJARATI.

He cries,
તે રડેછે.

Birds fly,
પક્ષીઓ ઉડેછે.

Bad boy,
ખરાબ છોકરો.

Good girl,
સારી છોકરી.

I spoke,
હું બોલીઓ.

He Went,
તે ગયો.

His house,
તેનું ઘર.

Poor cow,
ગરીબ ગાય.

I know,
હું જાણુંછું.

I want,
મને જોઇએછે.

He wants,
તેને જોઇએછે.

You go,
તમે જાઓ.

We go, હમે જઈએછ.
He goes, તે જાએછે.

We do, હમે કરીએછ.
He runs, તે દોડેછે.

My ox, માહારો બળદ.
He sees, તે જુએછે.

My book, માહારી ચોપડી.
I see, હું જોઊંછું.

He speaks, તે બોલેછે.
My name, મહારૂં નામ.

He talks, તે વાત કરેછે.
He swims, તે તરેછે.

Dark room, અંધારો ઓરડો.
God knows, ખુદા જાણેછે.

Who Comes? કોણ આવેછે?
Race horse, સરતનો ઘોડો.

Good news, સારી ખબર. **Old man,** ઘરડો માણસ.

Who says? કોણ કહેછે? **Young, girl,** જવાન છોકરી.

I say, હું કહુંછું. **Yes sir,** હા સાહેબ.

Red colour, રાતો રંગ. **Good food,** સારો ખોરાક.

Blue cloth, આસમાની કપડું. **He gives,** તે આપેછે.

Hot water, ગરમ પાણી. **He reads,** તે વાંચેછે.

Bad blood, ખરાબ લોહી. **Who jumps?** કોણ કુદેછે?

Small eyes, નાહાની આંખો. **I took,** મેં લીધું.

Sit right, બરાબર બેસો.
Go back, પાછા જાઓ
Go soon, જલદી જાઓ.
Go up, ઉપર જાઓ.
Go down, નીચે જાઓ.
Go in, અંદર જાઓ.
Go out, બહાર જાઓ.
Come to-mor-row, કાલે આવજો.
Come near, પાસે આવો.
Come in, અંદર આવો.
Fear God, ખોદાથી ડરો.
Be silent, ચુપ રહો.
Draw lines, લીટી ડોરો.
Send him, તેને મોકલો.
Do so, એમ કરો.
Ask him, તેને પુછો.

Say so, એમ કહો.
Call him, તેને બોલાવો.
Come back, પાછા આવો.
Come soon, જલદી આવો.
Take care, સંભાલ રાખો.
Look out, બહાર જુઓ.
Bring up, ઉપર લાવો.
Take away લઈ જાઓ.
Stop him, તેને ઉભો રાખો.
Give him, તેને આપો.
Tell him, તેને કહો.
Run fast, જલદી દોડો.
Go home, ઘેર જાઓ.
Speak clear-ly, બરાબર બોલો.
Get up, ઉભા થાઓ.
Stand up, ઉભા થાવો.

Look here, અહીઆં જુઓ.
Eat it, તે ખાવો.
Drink it, તે પીઓ.
Give back, પાછું આપો.
Read it, તે વાંચો.
Put down, નીચે મુકો.
Be quick, વેહેલા થાવો.
Make haste, ઉતાવલ કરો.
Catch him, તેને પકડો.
Beat him, તેને મારો.
Cut it, તે કાપો.
Use it, તે વાપરો.
Be quiet, ચુપ થાવો.
Walk fast, જલદી ચાલો.
Go there, તાંહાં જાઓ.
Make tea, ચા બનાવો.

Go to school, નિશાળે જાઓ.
Call the sepoy, શીપાઇને તેડો.
Clean it well, બરાબર સાફ કરજો.
Wash your face, તમારૂં મોહોડું ધુવો.
It is dirty, તે મેલુંછે.
Bring some water, થોડુંક પાણી લાવો.
Mend my pen, માહારી કલમ ઘડો.
Shut the door, બારણું બંધ કરો.
It is rain-ing, વરસાદ આવેછે.
Where is it? તે કાંહાં છે?
It is dead, તે મુએલું છે.
Birds have wings, પક્ષીઓને પાંખો હોયછે.
Men have arms, માણસોને હાથ હોયછે.
Wait a little, જરા સબર કરો.
Who was here? અહિંયાં કોણ આવ્યું હતું?
The dog barks, કુત્રો ભસેછે.
The cock crows, કુકડો વાસેછે.
The bee hums, મધમાખ ગુંગું કરેછે.
Take your choice, તમારે ગમે તે લેવો.
He is up-stairs, તે માળ ઉપર છે.

Do not laugh, હસો ના.
You came late, તમે મોડા આવ્યા.
Is he gone? તે ગયો કે?
It is broken, તે ભાગેલું છે.
Learn your lesson, તમારો પાઠ કરો.
If you please, જેમ તમારી મરજી.
You are lazy, તમે આળસુ છો.
He turned pale, તે ફીક્કો પડી ગયો.
Pick it up, તે ઉચકી લેવો.
It is ripe, તે પાકું છે.
Who are you? તમે કોણ છો?
Who is he, તે કોણ છે?
Bring my break-fast, માહારો નાસ્તો લાવો.
Light the lamp, દીવો કરો.
Who is their? તાંહીં કોણ છે?
Say that again, ફરીથી બોલો.
Comb your hair, તમારા બાલ હોરો.
He is dressing, તે કપડાં પેહેરે છે.
He fell down, તે પડી ગયો.
Was he hurt? તેને કંઇ વાગ્યું કે?

I am sleepy, મને હુંગ આવેછે.
Raise your hands, તમારા હાથ ઊંચકો.
Take this note, આ ચિઠી લઇ જાઓ.
Hold it fast, તે મજબુત પકરજો.
Who told you? તમને કોણે કહ્યું?
How comes it? એમ કેમ થાએ?
At this rate, એ હસાબે.
Does it rain? વરસાદ આવેછે કે?
Is it rain-ing? શું વરસાદ આવેછે?
It rains fast, જબરો વરસાદ આવેછે.
Do not forget, ભુલશો નહિ.
Open this letter, આ કાગળ ઉઘેડો.
I love him? હું તેને ચાહુંછું.
I like it, તે મને ગમેછે.
Who began it? પેહેલ કોણે કીધી?
Who broke it? તે કોણે ભાગ્યું?
Who did it? તે કોણે કીધું?
I must go, મારે જવું જોઇએ.
Go and in-quire, જઇને તપાસ કરો.
I want a pen, મને એક કલમ જોઇએછ.

Go down a little, જરા નીચે બસો.
Empty this bottle, આ બાટલી ખાલી કરો.
Has he dined? તે જમ્યો કે?
I am present, હું હાજર છું.
He is absent, તે ગેરહાજર છે.
You are a fool, તમે બેવકુફ છો.
Boil the rice, ચોખા બાફો.
Hate no man, કોઇને ધિક્કારશો ના.
He is chained, તેને બેડી ઠોકીછે.
Do not lie, જુઠું બોલો ના.
Where is he? તે કહાં છે?
He is here, તે અહિયાં છે.
Snuff the candle, ગુલ કાતરો.
Bring my shoes, માહારા જોડા લાવો.
Who lives there? તાંહાં કોણ રહેછે?
Empty this box, આ પેટી ખાલી કરો.
Bring my clothes, માહારાં કપડાં લાવો.
How are you? તમે કેમ છો?
Is he well? તે સારી પેઠે છે કે?
He is sick, તે આજારી છે.

He is un-well, તેના જીવને ગમતું નથી.
She lost it, તેણીએ તે ખોયું.
Look for it, તે શોધી કાહાડો.
Is it found? તે જડયું કે?
Who found it? કોણને જડયું?
I found it, મને જડયું.
I am sorry, હું દલગીર છું.
I am glad, હું ખુશી છું.
Sing a song, એક ગીત ગાઓ.
Ring the bell, ઘાંટ વગાડો.
Silk is soft, રેશમ નરમ હોયછે.
Iron is hard, લોહોડું કઠણ હોયછે.
Gold is yellow, સોનું પીલું હોયછે.
Silver is white, રૂપું શફેદ હોયછે.
It is hot, તે ગરમ છે.
Let it cool, તેને થંડું પડવા દેવો.
I feel cold, મને તાહાડ વાગેછે.
You slept well, તમે ખુબ ઉંગ કાહાડી.
Honey is sweet, મધ મિઠ હોયછે.
I know him, હું તેને ઓળખુંછું.

He is blind, તે આંધળો છે.
She is deaf, તે બેહેરી છે.
He is dumb, તે મુંગો છે.
Bring a chair,ખુરસી લાવો.
Open your books, તમારી ચોપડીઓ ઉઘાડો.
Read your lesson, તમારો પાઠ વાંચો.
Are you deaf? તમે બેહેરા છો કે?
Did you ud-derstand? તમને સમજ પડી કે?
Not at all, મુદ્દલ નહિ.
Go straight home, પાધરા ઘેર જાઓ.
He is poor, તે ગરીબ છે.
Tell the truth, સાચું બોલો.
You are right, તમે ખરા છો.
He is wrong, તે ખોટો છે.
Sweep this place, આ જગો વાળો.
Are you engaged? તમે કાંમમાં છો કે?
May I enter? હું અંદર આાઉં કે?
Yes, you may, હા આવો.
Don't crawd so, એટલા ખિચોખિચ બેસતા ના.
Don't be long, વાર નહિ લાગે હો.

Don't strike him, તેને મારો ના.
Wake him up, તેને જગાડો.
What's the time? કેટલા વાગ્યા?
What's your number? તમે કેતરમાં છો?
I will en-quire, હું ખબર કાહાડસ.
Do you hear? તમે સાંભળોછો કે?
Who is it? તે કોણ છે?
Address this letter, આ કાગલપર સરનામું કરો.
Call the cook બબરચીને બોલાવો.
Are you hurt? તમને વાગ્યું કે?
Come to tea, ચા પીવા આવો.
Defame no one, કોઇની નાલેસ કરશો ના.
What did he say? તણે શું કહ્યું?
He said no-thing, તેણે કંઇ કહ્યું નહી.
What are you doing? તમે શું કરોછો?
Mind your own business, તમે તમારૂં કામ કરો.
I am in haste, મને ઉતાવળ છે.
You may go then, ત્યારે ગમે તો તમે જાઓ.
Look at his face, તેનાં મોહોડાં તરફ જુઓ.
Never tell a lie, કદી જુઠું બોલશો ના.

I will ask him, હું તેને પુછીસ.
What o'clock is it? કેટલા વાગ્યા?
It is nine o'clock, નવ વાગ્યાછે.
Is there leave to day? આજે રજા છે કે?
There is leave to-day, આજે રજા છે.
Why? What is to-day? શાની? આજે શું છે?
Don't you know that? શું તે તમે જાણતા નથી?
It is Sun-day to day, આજે રવીવાર છે.
Where is he gone? તે ગયોછે કાંહાં?
He is gone to Poona, તે પુણે ગયોછે.
When will he return? તે પાછો ક્યારે આવશે?
Do you rise early? તમે વેહેલા ઉઠોછો કે?
Where are you from? તમે ક્યાંથી આવ્યા?
What do you want? તમને શું જોઈએ છે?
I want a watch, મને એક ઘડિયાલ જોઈએછ.
Will you buy it? તમે તે ખરીદ કરશો કે?
Read the first lesson, પેહેલો પાઠ વાંચો.
You made a mistake, તમે એક ચૂક કીધી.
You read very bad, તમે ઘણું ખરાબ વાંચ્યું.
They set out together તેઓ સાથે નિકળ્યાં.

I have just come, હુ અવડાંજ આવ્યો.
How old are you? તમારી ઉમ્મર કેટલી છે?
What is your age? તમારી ઊમર શું?
Write this for me, મ્હારે વાસ્તે આ લખો.
Do you learn English? તમે ઈંગ્રેજી શિખોછો કે?
You are very rude, તમે ઘણા બેઅદબ છો.
Has it gone ten? દશ થઈ ગયા કે?
Where have you been? તમે ક્યાંહાં ગયા હતા?
Don't talk too much, એટલી બધી વાત ના કરો.
Get the carriage ready, ગાડી તૈયાર કરાવો.
Are you at leisure? તમને ફુરસુદ છે કે?
Go to the market, બજારમાં જાઓ.
Buy me a slate, માહરે વાસ્તે એક સ્લેટ લાવજો.
Is any one there? કોઈ છે કે?
It will rain to-day, આજે વરસાદ આવશે.
He is very active, તે ઘણો ચાલાક છે.
I am very hungry, મને ભૂખ બહુ લાગીછે.
The sky is clear, આકાશ ખુલું છે.
What are you eat-ing? તમે શું ખાઓછો?
Don't go there again, ફરીથી ત્યાં જતા ના.

Don't wait for me, માહારી વાટ જોતા ના.
It is fair to-day, આજે આકાશ ખુલુંછે.
I am very sleepy, મને હુંગ બહુ આવેછે.
Is your knife sharp ? તમારી છરી ચાલેછે કે?
When did this happen? એ બનાવ બન્યો કયારે?
What is your name ? તમારૂં નામ શું ?
Why was he punished? તેને સજા શામાટે થઇ?
He was well punished, તેને અછી સજા થઇ.
This paper is damp, આ કાગલ હવાયલુંછે.
Cool the water well, પાણી સારી પેઠે ઠંડું પાડજો.
They are dead a-sleep, તેઓ ભર હુંગમાં છે.
He has five children, તેને પાંચ છોકરાં છે.
It will easily break, તે જલદી ભાગી જશે.
Put on your turban, તમારી પાગડી પેહેરો.
What is your in-come?તમારી આવક કેટલીછે?
I feel very cold, મને તાહાડ બહુ વાગેછે.
What year is this ? આ કયું વરસ ?
What month is this ? આ કયો મહિનો ?
That will never do, એતો કદી ચાલે નહીં.
Do you take snuff ? તમે તપકીર સુંઘોછો કે ?

He is my friend, તે માહારો મિત્ર છે.
Are you going out? તમે બાહાર જાઓછો કે?
They come from China, તેઓ ચીનથી આવેછે.
They are very strong, તેઓ ઘણા મજબુત છે.
What do they cost? તેઓની શી કિંમત બેશેછે?
Pour a little ink, થોડીક શાહી નાખો.
Do not spill it, ઢોળતા ના.
It is running over, તે છલકાઈ જાએછે.
How did it begin? તે શીરૂ કેમ થયું?
He is always late, તે હંમેશાં મોડા આવેછે.
The clock has stopped, ઘડીયાળ બંધ પડયુંછે.
Have they all come? તેઓ બધા આવ્યા કે?
It is getting late, મોડું થાયછે.
My shoe is torn, માહારો જોડો ફાટી ગયોછે.
He saw me first, તેણે મને પેહેલાં જોયો.
We live in India, આપણે હિંદુસ્તાનમાં વસ્યેછે.
Calcutta is far off, કલકત્તા ઘણું દુર છે.
Make room for me, માહારે વાસ્તે જગા કરો.
He is a prisoner, તે એક કેદી છે.
Do you take wine? તમે દારૂ પીઓછો કે?

He is often drunk, તે વારેઘડીએ પીધેલો થાયછે.
He trades in cotton, તે રૂનો વેપાર કરેછે.
It is not a cow, તે કંઇ ગાય નથી.
What is it then? ત્યારે તે શું છે?
It is an ass, તે તો ગધેડું છે.
Keep the child quiet, તે બચ્ચાંને મુગું રાખો.
Get the box up, તે પેટી ઉપર લાવો.
What is in it? તેની અંદર શું છે?
I am not rich, હું દોલતમંદ નથી.
Let us go home, ચાલો આપણે ઘેર જઇએ.
Do this for me, માહારૂં આટલું કામ કરો.
I will help you, હું તમને મદદ કરીશ.
Whose is the book? તે ચોપડી કોણની છે?
Rain water is fresh, વરસાદનું પાણી મિઠું હોયછે.
Give me the ruler, મને પેલી આંકણી આપો.
What made it fall? તે શાથી પડ્યું.
Whose book is this? આ ચોપડી કોણની છે.
It is Rastamji's તે રસ્તમજીની છે.
He is very careless, તે ઘણો બેદરકાર છે.
Are the boys come? છોકરાઓ આવ્યાછે કે?

When will he come? તે ક્યારે આવશે ?
At half past nine, સાહાડે નવ વાગે.
Bring my new coat, માહારો નવો ડગલો લાવો.
Bring some cold water, થોડુંક ઠંડું પાણી લાવો.
Call at my house, માહારે ઘેર આવજો.
What did he die of? તે શાથી મરી ગયો ?
He died of cholera, તે કોલારાથી મરી ગયો.
Have you no strength? તમારામાં જોર નથી કે?
What a strange thing, કેવું અજાએબ જેવું છે.
Are you the oldest? સઉથી મ્હોટા તમે છો કે?
Get this place swept, આ જગા વળાવો.
Copy this for me, મારે સારૂ આની નકલ કરો.
There is no room here, અહીં જગા નથી.
You must do it, તમુને તે કરવું પડશે.
Where has he been? તે કાંહાં ગયોછે ?
I have lost my pen, મેં મારી કલમ ખોઈછે.
Where did you lose it? તમે તે કાંહાં ખોઈ.
Can't you find it? તે જડતી નથી કે ?
Where did he find it? તેને તે કાંહાંથી જડી ?

Where was it found? તે જડી કાંહાંથી?
The roads are very bad, રસ્તા ઘણા ખરાબ છે.
The roads are very dusty, રસ્તે ધુળ ઘણી છે.
Where did you learn? તમે કાંહાં શિખ્યા?
He has gone back again, તે પાછો ગયોછે.
How is he getting on? તેનું કામ કેમ ચાલેછે?
I will be sure to come, હું ખામુખા આવીશ.
Did you see the fire? તમે આગ જોઈ કે?
I shall stay at home, હું તો ઘેર રહીશ.
I shall be home early, હું વેહેલો ઘેર આવીશ.
There is no ink in it, તેમાં તો શાહીજ નથી.
What is he crying about? તે શા શારૂ રડેછે.
Who is most in fault? વધારે વાંક કોણનો છે?
I will speak to him, હું તેને કહીશ.
When did you dine? તમે કયારે જમ્યા?
What is your object? તમારી મતલબ શી છે?
Where did you see him? તમે તેને કાંહાં મળ્યા.
He met me on the road, તે મને રસ્તામાં માળ્યો.
Have you taken your tea? તમે ચા પીધી કે?
He is a merchant, તે એક વેપારી છે.

What is the matter? એ શું છે?
Where did you buy it? તમે તે ક્યાંથી ખરીદ્યું?
It is very dear, I think, મને તો બહુ મોઘું લાગે છે.
What does he ask for it? તે એનું શું માગે છે?
You have been cheated, તમે ઠગાઈ આવ્યા.
It is quite a bargain, એ તો ઘણું સસ્તું છે.
This is all a trick, એ સઘળી ઠગાઈ છે.
He is a very wise man, તે ઘણો ડાહ્યો માણસ છે.
He is an orphan boy, તે માબાપવગરનો છોકરો છે.
It is made of glass, તે કાચનું બનાવેલું છે.
He dines at one o'clock, તે એક વાગે જમે છે.
Don't be confused, ઘભરાતા ના.
He is confused, તે ઘભરાયો છે.
Don't confuse him, તેને ઘભરાવતા ના.
Don't interrupt him, તેને અચકાવતા ના.
Step here for a moment, જરા અહિં આવો.
I got up at gun-fire, હું તોપ પડતે ઉઠયો.
Don't fail to do it, તે કર્યા વગર રેહેતા ના હોં.
When will he be tried? તેનો ઇન્સાફ ક્યારે થશે?
Is he confined to bed? શું તે ખાટલે પડયો છે?

Have you enclosed it ? તમે તે બીડી કે ?
Are you all ready ? તમે સઘળા તૈયાર છો કે ?
I don't think so, મને એમ નથી લાગતું.
What do you call it ? એનું નામ શું છે ?
You are in light, તમે મને અંધારૂં પાડોછો.
What are you in need of? તમારે શું જોઇએછે?
He is a needy man, તે તો ગરજાઉ છે.
Where does he live ? તે કાંહાં રહેછે ?
How is it cooked ? તે કેમ રંધાય છે ?
He is still ill, તે હજુ માંદો છે.
Is he very ill ? શું તે ઘણો માંદો છે ?
What is the matter with him તેને શું થયુંછે?
Is he getting better? તેને ફેર પડવા માંડયોછેકે?
Feel my pulse, માહરી નાડ જુઓ.
I staid very late, હું ઘણીવાર બેઠો.
Hand me that book, પેલી ચોપડી મને આપો.
What is your advice ? તમારી સલાહ શું છે.
He wears a long beard, તેની દાહાડી મોટીછે?
Answer my question,
માહારા સવાલનો જવાબ આપો.

Can you speak English ?
તમને ઈંગ્રેજી બોલતાં આવડેછે કે ?
Wake me very early,
મને ઘણા સફારેથી ઉઠાડજો.
Who brought this news ?
આ ખબર કોણ લાવ્યું ?
Your watch goes well,
તમારૂં ઘડિયાલ સારૂં ચાલેછે.
Have you no paper ?
તમારી પાસે કાગલ નથી કે ?
Who broke the ink-stand ?
ખડિયો કોણે ભાંગ્યો ?
Take which-every you like,
તમને જે ગમે તે લેવો.
Think before you answer,
વિચાર કરીને પછે જવાબ આપો.
Where are your books ?
તમારી ચોપડીઓ ક્યાં છે ?
What is your father ?
તમારો બાપ શો ધંધો કરેછે ?

I am older than Sorabji,
હું સોરાબજી કરતાં મ્હોટો છું.
You had better ask him,
તમે એને પુછી જુઓ તો ઠીક.
Was he up all night?
તેને આખી રાત ઉજાગરો કીધો કે ?
Would you like a drive?
ગાડીમાં બેશીને ફરવા ચાલશો ?
He promised to come,
તેણે આવવાને કબુલ કર્યુંછે.
Where did you hear it?
તમે તે કાંહાં સાંભળ્યું?
Make me a cup of tea,
માહારે સારૂં ચાનું એક પ્યાલું બનાવો.
I know him very well,
હું તેને સારી પેરે ઓળખુંછું.
Have you any money?
તમારી પાસે કંઈ પૈસા છે કે ?
Shall I get it for you?
હું તમારે વાસ્તે તે લઈ આણું ?

Have you sent for him?
તમે તેને તેડાવ્યોછે કે?
How many boys are present?
કેટલાક છોકરા હાજર છે?
There is no oil in the lamp,
બતીમાં તેલ નથી.
What do you mean to do now?
હવે તમે કરવા શું માગોછો?
Just as you please,
જેમ તમારી મરજી હોય તેમ.
You will find this very useful,
આ તમને બહુ કામ લાગશે.
He has amassed great wealth,
તેણે ઘણી દોલત મેલવીછે.
Does this book belong to you?
આ ચોપડી તમારી છે કે?
He knows better than you.
તે તમારા કરતાં વધારે જાણેછે.
Are you the owner of this house?
આ ઘરના માલીક તમે છો કે?

Do you know this man ?
આ માણસને તમે ઓળખોછો કે ?
Take a chair and sit down,
ખુરશી લઇને બેસો.
Bricks are made of clay.
ઈંતરડી મટોડીની બનેછે.
The medicine had no effect,
તે ઓસડથી કંઈ ફેર પડયો નહીં.
This wall is twenty feet high,
આ દિવાલ વીશ ફુટ ઊંચી છે.
Let us now return home,
ચાલો હવે આપણે ઘેર જઇએ.
Which is the road to Mahim ?
માહિમ જવાનો રસ્તો કયો?
How long shall you remain there ?
તમે તાંહાં કાંહાંવેર રેહેશો ?
Enclose my letter in yours,
મારૂં કાગળ તમારાં કાગળમાં બિડો.
Do you hear what I say ?
હું શું કહુંછું તે તમે સાંભળોછો કે?

What is the day of the month ?
આજ કેતરમી તારીખ થઈ ?
What is the day of the week ?
આજ શો વાર થયો ?
When is he to come back ?
તે પાછો ક્યારે આવવાનો છે ?
He will be back in a few days,
તે થોડા દાહાડામાં પાછો આવશે.
Try and improve your hand-writing,
મેહેનત લઈને તમારા અક્ષર વાળો (સુધારો).
If you are coming, come at once,
જો તમારે આવવું હોય તો વેહેલા આવો.
Shut the door after you,
બારણું બંધ કરતા જજો.
He was turned out of the School,
તેને નિશાળમાંથી કાહડી મુકયો હતો.
The ink is all dried up,
શાહી સઘળી સુકાઈ ગઈ છે.
What is the matter with that boy ?
પેલા છોકરાને શું થયું છે ?

Come whenever it suits you,
જારે ગમે તારે આવજો.
Will the evening suit you ?
વારું આજે સાંજનાં તમારાથી બનશે કે?
Any time will suit me,
મારે સઘળો વખત સરખો છે.
Tell him I wish to see him,
તેને કેહેજો કે મને મળે.
When shall I find him at home?
મને તે ઘરમાં ક્યારે મળશે ?
You are wanted up there,
તમને ઉપર બોલાવેછે.
What does he want me for?
તે મને શું કામ બોલાવેછે?
Step over and ask him,
જરા જઈને તેને પુછી આવોની.
I cannot use this pen.
આ કલમે મારાથી લખાતું નથી.
Bore a hole in the door,
બારણામાં એક વેહ પાડો.

Do not go without me,
મને લીધા વગર જશો ના.
Give me some more rice.
મને થોડા બીજા ચાવલ મુકો.
This news will make him very sorry,
આ ખબરથી તે ઘણો દલગીર થશે.
It is not easy to make him afraid,
તેને બીવડાવવો સોહેલ નથી.
Your talking will make me blunder,
તમે વાત કરાવીને મને ભૂલ પડાવશો.
She carries the child on her hip,
છોકરાંને તે પોતાની કેડ લઈને જાએછે.
When are we to go to the new house?
આપણે નવાં ઘરમાં ક્યારે જઈશું ?
He has got an appointment there,
તેને તાંહાં એક ચાકરી મલીછે.
It has gone ten this long while,
દશ કેહારના વાગી ગયા.
We are shivering with cold,
હમે તાહાડથી ધ્રુજીએ છીએ.

The cold weather set in earlier this year,
આણું તાહાડ વેહેલી પડી.
Bombay is a very dear place to live in,
મુંબઈમાં રેહેતાં ખરચ ઘણો થાયછે.
I have known him many years,
ઘણાં વરસ થયાં હું એને ઓળખુંછું.
I have known him from his infancy,
હું એને નાહાનપણથી ઓળખુંછું.
Where did you make his acquaintance?
તમારે એની સાથે કાંહાંથી ઓળખાણ થઇ?
He is a very agreeable companion,
તે ઘણો મનમેળાપી દોસ્ત છે.
He has a large circle of acquaintance,
તેને ઘણે ઠેકાણે ઓળખાણ છે.
Has he sent you an invitation?
તેણે તમને તેડું કીધુંછે કે?
I shall be home before twelve o'clock,
હું તો બાર વાગા અગાઉ ઘેર આવીશ.
He always promises but never comes,
તે હમેશાં કેહેછે પણ કદી આવતો નથી.

Several holidays this year fall on Sunday,
ઓણુ ઘણાખરા તેહેવાર રવીવારે આવેછે.
All his efforts were of no avail,
તેની સઘળી મેહેનત ફોકટ ગઈ.
Your writing is rather too small,
તમે જરા ઝીણું બહુ લખોછો.
This is a very unsuitable time,
આતો ઘણો કઢંગો વખત છે.
I wonder where Pestanji has gone,
કોણ જાણે પેસ્તનજી કાંહાં ગયોછે.
He fell from the third story,
તે ત્રીજે માળથી પડયો.
Is it a three-story house?
શું તે ત્રણ માળનું ઘર છે?
I am sure I don't know,
કોણ જાણે, મને માલુમ નથી.
What have you agreed to give him?
તમે એને શું આપવાનું ઠરયુંછે?
Don't call each other nick names,
એક બીજાની ખીજ ના પાડો.

He procured me this appointment,
તેણે મને આ ચાકરી અપાવી.
I wonder how old this house is?
આ ઘર કોણ જાણે કેટલું જુનું હશે?
I will go as soon as the rain is over,
વરસાદ રહ્યો કે હું જઈશ.
The sooner you do it the better,
જેમ તમે જલદી કરો તેમ સારું.
What did he want with you?
તેને તમારું શું કામ હતું?
Will he be tried in Surat?
તેનો ઇનસાફ સુરતમાં થશે કે શું?
He is a very obliging person,
તે ઘણો ભલો આદમી છે.
He lives in great style,
તે તો મોટા દમામથી રેહેછે.
This is not a fair sample,
આ કંઈ સારો નમુનો નથી.
Show me a specimen of your writing,
મને તમારા દસ્ખત બતલાવો.

I kept my bed for three days,
હું ત્રણ દાહાડા સુધી ખાટલે રહ્યો.
It was not my fault, I assure you.
હું ખરેખરૂં કહુંછું કે એમાં કંઈ માહરો વાંક નથી.
They will hardly find room,
તેમને જગા ભાગ્યે મલે.
The rains have now fairly set in,
હવે ચોમાશું ખરેખરૂં બેઠું.
You need not speak so loud,
તમારે આટલું મોટેથી બોલવાનું કંઈ કામ નથી.
If you really need it, you can take it,
તમારે એની ખરેખરી જરૂર હોય તો લઈ જાઓ.
A friend in need is a friend indeed,
દુખનો સાથી તેજ ખરો મિત્ર.
Were you ever at Surat?
તમે કદી સુરત ગયાછો કે?
Have you never been there?
તમે કોઈ દાહાડો તાંહાં નથી ગયા?
I do not know what it means,
મને એનો અર્થ માલુમ નથી.

Does he get any better?
તેને કંઈ ફેર પડવા માડયો કે ?
I feel pain in my side,
માહારી કૂખમાં દરદ થાયછે.
I feel very angry with you,
મને તમારી ઉપર બહુ ગુસ્સો છુટેછે.
These mangoes are very ripe,
આ કેરીઓ ઘણી પાકેલી છે.
Are they too ripe?
શું તે છેક પાકી ગઈછે કે ?
What did you do all day ?
આખો દાહાડો શું કર્યા કીધું?
What were you doing all day?
આખો દાહાડો શું કરતા હતા ?
Where did you go yesterday ?
કાલે તમે કાંહાં ગયા હતા ?
I went to see Cavasji,
હું કાવસજીને મળવા ગયો હતો.

Did any one come to see you yesterday?
તમને કાલે કોઈ મલવા આવ્યું હતું કે?
What did you pay for that book?
તે ચોપડીનું તમે શું આપ્યું?
Wind up your watch,
તમારાં ઘડીયાલને કુંચી આપો.
We shall have a half holiday,
આપણને અર્ધા દાહાડાની રજા મલશે.
School will break up at one o'clock,
એક વાગતે નિશાળ બંધ થશે.
At what time were you there?
તમે તાંહાં ક્યારે ગયા હતા?
At about half past five,
આસરે સાડે પાંચ વાગતે.
What street do you live in?
તમે કિયા મોહોલ્લામાં રહોછો?
How do you get your living?
તમારૂં ગુજરાન કેમ ચાલેછે?

I shall be busy all day tomorrow,
કાલે મને આખો દાહાડો કામ છે.
I intend to go to-day,
આજે મારો જવાનો ઇરાદોછે.
I make very free with you,
હું તમારી સાથે કંઇ જુદાઇ રાખતો નથી.
Where did yon go last night?
રાત્રે તમે કાંહાં ગયા હતા.
What takes you to Poona?
તમે પુણે શા સારૂ જાઓછો.
Do you expect to get a prize?
તમને ઇનામ મલવાની આશા છે કે?
Have any of you ever been there?
તમારામાંથી કોઇ તાંહાં જઇ આવ્યું છે કે?
Explain this to Dinshaw,
દીનશાને આ સમજાવો.
Have you any thing to say to me?
તમારે મને કંઇ કેહેવુંછે કે?

What have you to say to me?
તમારે મને શું કેહેવાનુંછે?
Who gavo you leave to do that?
તમને કોણે કહ્યું કે તે કરજો?
Will there be room enough?
જગો જોઇએ તેટલી થશે કે?
What can I get you to eat?
તમારે સારૂ ખાવાનું શું લાંઉં?
What is that boy selliag?
પેલા છોકરો શું વેચેછે?
How is it to be helped?
એનો ઉપાય શી રીતે કરવો?
How came you to do it?
તમારે તે કેમ કરવું પડયું?
He had better pay his debts,
તે પોતાનું કરજ ફિતાડે તો સારૂં.
It is a debt of very old standing,
એ દેવું તો ઘણા દાહાડાનું છે.

He was on the point of death,
તે છેક મરવા તક થયો હતો.
What doctor attends him?
કયા દાકટરની તે દવા કરેછે?
What medicine does he give him?
તે તેને શું દવા આપેછે?
Where are you going to reside?
તમે કાંહા રેહેવા જાઓછો?
I shall never forget your kindness,
હું તમારી મેહેરબાની કદી નહી વિસરશ,
Allow me to go with you,
તમારી સાથે મને આવવા દો,
Do you observe any defect in this?
તમને એમાં કાંઈ ખામી દેખાયછે?
Is their an index to this book?
આ ચોપડીનું સાંકળ્યું છે કે?
He said so in my presence,
તેણે મારાં દેખતાં એમ કહ્યું.

What is the weight of this stone?
આ પથ્થર કેટલો ભારી હશે?
It will be of no use to petition.
અરજી કીધાથી કંઈ વળવાનું નહી.
You do not look well this morning,
આજ તમારો ચેહેરો કંઇ ઠીક લાગતો નથી.
I have a very bad head-ache,
મારૂં માથું બહુ દુખેછે.
I went to his house but did not find him at home, હું તેને ઘેર ગયો હતો પણ તે મળ્યો નહી.
It is not certain yet that we shall go at all, હજુ નક્કી નથી કે આપણે જઈશુંજ.
Is he going to remain there or will he return? શું તે તાંહાંજ રેહેવાનો છે કે પાછો આવશે?
I have been acquainted with him these 20 years, વીશ વરસ થયાં મારે તેની સાથ ઓળખાણછે.
What were the guns fired for this morning? આજે સહવારે તોપો શાની પડી?
Empty vessels sound most,
અધુરો ઘડો છલકાય ઘણો.

Little learning is a dangerous thing,
અલ્પ જ્ઞાન તે અતિ હાન.
If you give an inch he will take an ell,
આંગલી આપતાં પોહોંચો માંગે.
Good mind, good find,
આપ ભલા તો જગ ભલા.
All are well if self be well.
આપ સુખી તો જગ સુખી.
All that glitters is not gold,
ઉજલું એટલું દુધ નહી —— (અથવા)
કાલા એટલા ભુતના સાલા નહીં.
To kill two birds with one stone,
એક પંથ ઔર દો કાજ.
As you sow, so shall you reap,
કરણી તેવી પાર ઉતરણી —— (અથવા)
વાવશો તેવું ચાખશો.
He that works shall eat,
કરે ચાકરી તો ખાય બાખરી.
No pains, no gains,
કષ્ટ વિના ફળ નહીં.

Him laud whose bread you eat,
જેની ઘઠીએ દળિયે તેનાં ગીત ગાઇએ.
A bad workman quarrels with his tools,
નાચવું નહીં તો આગણું વાંકુ.
Roses have thorns,
ગાંમ ત્યાં ઘેડવાડો હોય.
Set a thief to catch a thief,
ચોરનાં પગલાં ચોરજ જાણે.
While there is life thero is hope,
જબતક સાસ તબલગ આસ——(અથવા)
સાસ તાંહાંલગ સોસ.
Many men many minds,
જન મોઢે જન વાત.
Like for like and Nan for Nicholas,
જેવાં ભાઇનાં મોસાળાં તેવાં બેહેનના ગીત.
In Rome I am a Roman,
જેવો દેશ તેવો વેશ.
Great show and empty pockets,
ભરમ ભારી અને ખીસા ખાલી——(અથવા)
ઢમ ઢોલ ને માહે પોલ.

Talk of the devil and his imp appears,
તમારા આવરદા મોટા છે.
He is caught in his own trap,
તેનાંજ તાંટચા તેનાંજ ગલામાં.
He is a green-eyed monster,
તેની આંખમાં સનીશ્ચર છે.
Many hands make light work,
સાત પાંચની લાકડીને એકનો બોજ.
Strike the iron while it is hot,
દાવ આવે તારે સોકટી મારીએ.
Some thing is better than nothing,
નહી મામા કરતાં કાના મામા સારા.
Cut your coat according to your cloth,
પગ જોઈને પાથરણું તાણવું.
First come first served,
આવે પેહેલો તે ખાય વેહેલો.
Such a father, such a son,
બાપ તેવા બેટા ને વડ તેવા ટેટા,
Man proposes and God disposes,
માણુસ ધારે ખુદા પાર ઉતારે.

Might is the only right,
મારે તેની તલવાર——(અથવા)
હરામીના બે ભાગ.
It amounts to the same thing,
મુઆ નહીં ને પાછા થયા.
Pride goeth before destruction,
વિનાશ કાળે વિપરીત બુદ્ધિ.
Time is money,
વેળા એજ વસુ.
Silence is the chief virtue,
સબસે બડી ચુપ.
Ignorance is bliss,
અજાણાની બલા દુર.
Every thing is good in its season,
લગનના ઢોલી લગને છાજે.
Evil gotten, evil spent,
જીસ મુલથી આયા ઉસ મુલસે ગયા.
Knowledge is Power,
વિદ્યા એજ વીર્ય છે——(અથવા)
શાસ્ત્ર એજ શક્તિ છે.

MY DEAR RUSTOM,

The moment this reaches you, leave home for my house, as I want to speak to you immediately.

I am yours affectionately,

SORÁBSHÁ DÁDÁBHÁI.

Bombay, 10*th March* 1873.

મારા વાહાલા રૂસ્તમ,

આ ચીઠી પુગતાંને વાર મારે ઘેર આવવા સારૂ તમારે ઘેરથી નિકળિ પડજો, કાંએકે મારે તમારી સાથ જલદી કંઈ વાત કરવીછે.

બા૦ તમારો વાહાલો દોસ્ત,

સોરાબશા દાદાભાઈ.

મુંબઈ, તા૦ ૧૦ મી મારચ ૧૮૭૩.

MY DEAR SORÁBSHÁ,

You must excuse me for not coming over now, as I am engaged in business, I will try to see you tomorrow.

Yours affectionately,

RUSTOMJI NÁNÁBHÁI.

Bombay, 10*th March* 1873.

મારા વાહાલા સોહોરાબશા,

હું હમણા કામમાં રોકાયલો હોવાથી મારીથી આવાયું નથી તેથી મને માફ કરજો, જો બનસે તો હું તમને કાલ મળીશ.

લા૦ તમારો વાહાલો દોસ્ત,

રૂસ્તમજી નાનાભાઈ.

મુંબઈ, તા૦ ૧૦ મી મારચ ૧૮૭૩.

MY DEAR MANCHERSHÁ,

Oblige me by sending your Gujaráti Dictionary by the bearer of this. I will return it to you in the course of the day.

Yours affectionately,

DÁRÁSHÁ DHUNJISHÁ.

Bombay, 15*th March* 1873.

મારા વાહાલા મંચેરશા,

મેહેરબાની કરીને આ ચીઠી લાવનાર સંગાથે તમારી ગુજરાતી ડીક્ષનરી મોકલી આપજો. હું તે આજ સાંજ સુધીમાં પાછી મોકલી આપીશ.

લા૦ તમારો વાહાલો દોસ્ત,

દારાશા ધનજીશા.

મુંબઈ, તા૦ ૧૫ મી મારચ ૧૮૭૩.

MY DEAR DÁRÁSHÁ,

I have lent my Gujaráti Dictionary to a friend. I will get it back, however, and send it to you.

Yours affectionately,

MANCHERSHÁ NÁNÁBHÁI.

Bombay, 15*th March* 1873.

મારા વાહાલા દારાશા,

મેં મારી ગુજરાતી દીક્ષનરી મારા એક દોસ્તને આપેલી છે. હું તે તેમની પાસથી મંગાવીને તમને મોકલી આપીશ.

બા॰ તમારો વાહાલો દોસ્ત,

મંચેરશા નાનાભાઈ.

મુંબઈ, તા॰ ૧૫ મી મારચ ૧૮૭૩.

GLOSSARY
OF
USEFUL TERMS.

સગાઈ.

Father, બાપ; (step f.)-સાવકો બાપ.
Mother, માએ; (step m.)-મત્રાઈ માએ.
Brother, ભાઈ; (step b.)-સાવકો ભાઈ.
Sister, બેહેન; (step s.)-સાવકી બેહેન.
Son, છોકરો; (step s.)-સાવકો છોકરો.
Daughter, છોકરી; (step d.)-સાવકી છોકરી.
Husband, ધણી; વર; ખાવંદ.
Wife, ધણીયાણી; બઈરી; મોહોરદાર; વહુ.
Child, છોકરૂં; બચ્ચું. Children, છોકરાં; બચ્ચાં.
Uncle (paternal)-*father's brother*, કાકો-(his wife, કાકી)-*father's sister's husband*, ફુવો; (his wife, ફુઈ.)
Uncle (maternal) *mother's brother*, મામો-(his wife, મામી) *mother's sister's husband*, માસો; (his wife, માસી.)

Aunt paternal-(*father's brother's wife*)-કાકી-(*father's sister*)-ફુઈ.

Aunt maternal-(*mother's brother's wife*)-મામી-(*mother's sister*) માસી.

Cousin paternal-(*father's brother's son*)-કાકાનો છોકરો; પિત્રાઈ ભાઈ; (father's sister's son)-ફુઈનો છોકરો.

Cousin maternal-(*mother's brother's son*)-મામાનો છોકરો; (mother's sister's son)-મા-શીનો છોકરો; મસિયાઈ ભાઈ.

Nephew, (brother's son)-ભત્રીજો; (sister's son) ભાણેજ.

Niece, (brother's daughter) ભત્રીજી.

" (sister's daughter) ભાણેજી.

Grand father-(paternal)-બપાવો; દાદો.

" " -(maternal)-મમાવો; આજો.

Grand mother-(paternal)-બપાઈ; દાદી.

" " -(maternal)-મમાઈ.

Great grand father, બાપનો અથવા માનો બ-પાવો અથવા મમાવો.

Great grand mother, બાપની અથવા માની બપાઈ અથવા મમાઈ.

Grandson, છોકરાનો અથવા છોકરીનો છોકરો; પૌત્ર.

Grand daughter, છોકરા અથવા છોકરીની છોકરી; પૌત્રી.

Father-in-law, સસરો.

Mother-in-law, સાસુ.

Brother-in-law, (wife's brother)-સાળો; (wife's sister's husband)-સહાડુ; (sister's husband)-બનેવી; (husband's elder brother)--જેઠ; (husband's younger brother)-દેર; (husband's sister's husband) નનંદવાઈ.

Sister-in-law, (wife's sister)-સાળી; (brother's wife)-ભોજાઈ; (husband's elder brother's wife)-જેઠાણી, (her husband, જેઠ); (husband's younger brother's wife) દેરાણી, (her husband, દેર); husband's sister)-નંનદ, (her husband, નનંદવાઈ)

Son-in-law, જમાઈ.

Daughter-in-law, વહુ.

જાનવરો.

Ant, કીડી.
Antelope, હરણ.
Ape, વાંદરો.
Ass, ગધેડું.
Bat, વાધલું.
Bear, રીંછ.
Bee, મધમાખ.
Buffalo, ભેંસ.
Bug, માકડ.
Bull, ગોધો.
Bullock, બળદ.
Butterfly, પતંગિયું.
Calf, વાછરડો.
Camel, ઊંટ.
Cat, બીલાડી.
Centipede, કાનકચુરો.
Cobra, નાગ.
Cock, મરઘો.

Cow, ગાય.
Cricket, કસારી.
Crow, કાગડો.
Cuckoo, કોયલ.
Dog, કુત્રો.
Dove, કબુતર.
Dromedary, સાંઢણી.
Duck, બતક.
Eagle, ગરૂડ પક્ષી.
Elephant, હાથી.
Flea, ચાંચડ.
Fly, માંખ.
Fowl, મુરગી.
Fox, કોહોલું.
Frog, દેડકો.
Gnat, મચ્છર.
Goat, બકરો.
Goose, હાંસ.

Hare, સસલો.
Hog, ડુક્કર.
Horse, ઘોડો.
Jackal, શીઆળ.
Kid, બોકડિયું.
Kite, સમડી.
Lark, મેના.
Leech, જળો.
Lion, સિંહ.
Lizard, ગલોરી.
Louse, જુ.
Mole, ચેન.
Mongoose, નોળિઓ.
Monkey, વાંદરો.
Mouse, ઊંદર.
Mule, ખચ્ચર.
Musquito, ડાંસ.
Nag, ટટુ.
Nightingale, બુલબુલ.
Ostrich, શાહામુર્ગ.
Owl, ઘુવડ.
Panther, ચિત્તો.
Parrot, પોપટ.
Partridge, તિતર.
Peacock, મોર.
Pig, ડુક્કરનું બચ્ચું.
Pigeon, કબુતર.
Roe, હરણી.
Scorpion, વિચ્છુ.
Serpent, સાપ.
Sheep, મેંઢો.
Snake, સાપ.
Sparrow, ચકલિ.
Spider, કરોળિઓ.
Squirrel, ખલેરી.
Tiger, વાઘ.
Vulture, ગીદ.
Wasp, ભમરો.
Wolf, વરૂ.
Worm, કીડો.

શરીરના અવયવો.

Hair, બાલ; વાળ.

Crown, ટાળક.

Head, માથું.

Skull, માથાની ખોપરી.

Forehead, કપાળ.

Ear, કાન.

Eye, આંખ.

Pupil, આંખની કીકી.

Eyebrows, ભવાં; ભમર.

Eyelash, પાપણ.

Eyelid, પોપચું.

Nose, નાક.

Nostril, નસકોરી.

Cheek, ગાળ.

Whiskers, થોભિઆ.

Mustaches, મુછ.

Beard, દાહાડી.

Chin, ઠુડડી.

Mouth, મોહોડું.

Lip, હોઠ.

Tooth, દાંત.

Gum, પારા; અવાળુ.

Tongue, જીભ.

Palate, ટાળવું.

Grinder, દાહાડ.

Jaw, જડસું.

Jawbone, ડાચું.

Molar, દાઢ.

Saliva, લબ.

Spittle, થુક.

Larynx, નરડી; ગરચી.

Neck, ગરદન.

Throat, ગળું.

Trunk, ધડ.

Chest, છાતી.
Breast, ધાઈ; સ્તન.
Nipple, બોટણી; ડીંચી.
Rib, પાંસળી.
Belly, પેટ.
Navel, ડુતી.
Abdomen, પેડુ.
Flank, કુખ.
Buttock, કુલું.
Anus, સકૂરો.
Waist, કમર.
Hip, કેડ.
Back, બરડો.
Back bone, બરડાનો
 કાંઠો.
Shoulder, ખભું.
Arm, બાજુ.
Armpit, કાખ; બગલ.
Elbow, કોપરિયું; કોણી.
Hand, હાથ.
Wrist, પોંહચો.
Palm, હથેલી.
Thumb, હાથનો અંગોઠો.
Finger, આંગળું.
Knuckle, ટાંચાં.
Fist, મુઠી.
Nail, નખ.
Pulse, નાડ.
Lap, ખોળો.
Thigh, જાંગ.
Foot, પગ.
Knee, ઘુટણ.
Leg, ટંગડી.
Calf, ટેકું.
Ankle, ઘુંટી;
Instep, પગની પાટલી.
Heel, પગની એડી.
Sole, પગનું તલિયું.
Toe, પગનો અંગુઠો.
Body, બદન; શરીર.

Skeleton, હાડપંજર.
Skin, ચામડી.
Bone, હાડકું.
Flesh, માંસ.
Blood, લોહી.
Artery, ધોરી નસ.
Vein, નસ.
Muscles, ગોટલાં.
Brain, ભેજું.
Heart, દિલગુરદો.
Liver, કલેજું.
Lungs, ફેફસાં.
Stomach, હોજરી.
Bowels, આંતરડાં.
Spleen, તલ્લિ.
Kidney, ગુરદો.
Bladder, ફુકો.
Gallbladder, પિત્તો.
Marrow, ગુર.
Membrane, ઝીલી.
Runnet, ચુસદો.
Womb, ગર્ભ.

દરદો.

Abscess, ધુમડું.
Ague, તાહાડયો તાવ.
Albugo, ફુલું.
Asthma, હાફણું.
Bile, પિત્ત.
Blindness, અંધાપો.
Blister, ફોલ્લે.
Boil, ફોલ્લો.
Burn, છાગરો.
Cancer, ખરપસું.

Carbuncle, પાઠું.
Cataract, મોતિઓ.
Calic, ચુંકો.
Convulsion, ઉપડ્યું.
Consumption, ખઈ.
Costiveness, કબજી-યાત.
Cough, ઠાંસો.
Cramp, આંકરાં.
Cripple, ખોડું.
Deaf, બહેરું.
Diarrhœa, અધામણ.
Dislocation, મોચાવું.
Dropsy, જલંદર.
Dumb, મુગું.
Dysentery, મરડો.
Epilepsy, ફિફરું.
Fever, તાવ.
Fistula, ભગંદર.
Fomentation, શેક.
Giddiness, ભોર; ફેર.
Gout, નજલો.
Hiccough, અડગરી.
Indigestion, અજીરણ.
Itch, ખસ; ખુજલી.
Jaundice, કમળો.
Lame, લંગડું.
Leprosy, કોહોડ.
Measels, ગોવરું.
Mole, તલ.
Pain, દુખ; દરદ.
Paralysis, લકવો.
Phlegm, બલગમ.
Piles, હરસ.
Pimple, ફુલી.
Tumour, ગાંઠ.
Ulcer, નાસુર.
Wart, મસો.
Whitlow, નખછર.
Worms, કરમ.

કરિયાણું, ઈ.

Aloes, એલિયો.
Aloeswood, અગર.
Alum, ફટકી.
Amber, કેરબો.
Aniseseed, અનીસું.
Antimoney, સુરમો.
Arsenic(red) મનસીલ.
,, (white) સોમળ.
,, (yellow) હરતાલ.
Asafœtida, હીંગ.
Benzoin, લોબાન.
Bezoar, ગોરૂચંદન.
Blue vitriol, મોરથુથુ.
Borax, ટણકનખાર.
Brimstone, ગંધક.
Camphor, કપુર.
Caraway seed, સુવા.
Cardamoms, એલચી.

Castor, એરંડી.
Catecheu, કાથો.
Chiretta, કરીઆતું.
Cinnamon, તજ.
Civet, સરકચુરો.
Cloves, લવંગ.
Cochineal, કીરમજ.
Coffee, બુન; કાફી.
Collyrium, અંજન.
Copal, ચંદરસ.
Copperas, હીરાકસી.
Corianderseed, ધાના.
Croton, જમાલગોટો.
Cubebs, કબાબચીની.
Cumin seed, જીરૂં.
Fennelseed, વરિયાલી.
Fleabane (purple), કાલી જીરી.

Frankincense, લોબાન.
Gallnut, માયફળ.
Ginger, (dry) સુંઠ.
Gum, ગુંદર.
Henna, મેદી.
Hogplum, આમરા.
Indigo, કાલીગલી.
Liquorice, જેઠીમધ.
Litharge, મુરદારસીંગ.
Mace, જાવંત્રી.
Madder, મંજીઠ.
Mangosteen, કોકમ.
Manna, માંઉ.
Musk, કસતુરી.
Mustard, રાઈ.
Myrobolans, હારડાં.
Myrrh, હીરાબોલ.
Nutmeg, જાયફલ.
Nuxvomica, જેહેરી કચુરો.
Ochre (red) ગેરૂ.
Opium, અફીમ.
Pellitory, અકલગરો.
Pepper, મરી.
Poppy, ખસખસ.
Quince seed, બેદાના.
Red lead, સીંદુર.
Rhubarb, રેવંચીની.
Saffron, કેસર.
Sandle, સુખડ.
Sapan wood, પતંગનું લાકડું.
Senna, સુનામખી.
Sugar, ખાંડ.
Sugarcandy, શાકર.
Tea, ચાએ.
Thorn apple, ધતુરો.
Turmoric, હલદ.
Verdigris, જંગાલ.
Wormwood, દમનો.

મેવો.

Almond, બદામ.
Apple, સેફ.
Apricot, જરદઆલુ.
Cocoanut, નારીએલ.
Cucumber, કાકડી.
Date, ખજુર.
Fig, અંજીર.
Grape, દરાખ.
Guava, જમરૂખ.
Jack fruit, ચાંપુ.
Lemon, લીબુ.
Mango, કેરી.
Melon, ખરબુચું.
Muskmelon, ચીભડું.
Orange, નારંગી.
Pine apple, અનેનાસ.
Plantain, કેળું.
Plum, આલુ.
Pomegranate, દાડમ.
Pompelmoose, પપા-નાસ.
Sugarcane, શેરડી.
Walnut, અખરોટ.
Watermelon, તરબુચ.

ફુલ.

Boquet, ફુલનો તોરો.
Daisies, મોઘરાંનાં ફુલ.
Jasmine, ચંપેલી.
Rose, ગોલાબ.
Sunflower, સુરજમુખી ફુલ.
Tube rose, ગુલછડી.
Tulip, ગુલલાલા.

ધાતુ.

Brass, પિત્તલ.
Bronze, કાંસું.
Copper, ત્રાંબુ.
Gold, સોનું.
Iron, ધોડાું.
Lead, સીસું.
Leafmetal, વરખ.
Mercury, પારો.
Pewter, જસત.
Silver, રૂપું.
Steel, પોલાદ.
Tin, કલાઈ.

ઘરેણાં ઈ.

Agate, અકીક.
Amber, કેરબો.
Anklet, પોલાં.
Bracelet, પોંહોંચી.
Coral, પરવાલું.
Diamond, હિરો.
Earring, એરિંગ.
Emerald, જમરૂદ.
Garnet, યાકુત.
Jewel, જવાહીર.
Necklace, માળા.
Pearl, મોતી.
Ring, વિટી.
Ruby, માણક.
Sapphire, લીલમ.
Topaz, પોખરાજ.

ધંધાદારીઓ.

Architect, વાહાડિયો.
Baker, પદર.
Banker, નાણાવટી.
Barber, હજામ.
Blacksmith, લુહાડ.
Bricklayer, કડિયા.
Broker, દલાલ.
Butcher, કશાઈ.
Carder, પિંજારા.
Carpenter, સુથાર.
Clerk, મહેતા.
Cobbler, ચમાર.
Cook, બાવરચી.
Coppersmith, કંસારા.
Cowherd, ગવલી.
Draper, કાપડિયા.
Druggist, ગાંધી.
Dyer, રંગારી.
Embroiderer, ચીકનદોજ.

Farrier, નાલબંદ.
Fishmonger, માછી.
Goldsmith, સોની.
Groom, ઘોડાવાળો.
Jeweller, ઝવેરી; પરચીગર.
Mason, ઘાંડફોરો.
Midwife, દાઈ.
Milkman, દુધવાળો.
Nurse, આયા.
Porter, હેલકરી.
Potter, કુંભાર.
Tialor, દરજી
Tiler, ચારો.
Turner, કંતારી.
Washerman, ધોબી.
Weaver, વણકર.
Wetnurse, ધાવ.

પરચુરણ.

Bedstead, પલંગ.
Blanket, ધાબળી.
Cradle, પારણું; પાળણું.
Curtain, મચ્છરદાની.
Mattress, ગોદડું.
Pillow, તકીઓ.
Quilt, સુજની.
Candle, મોમબતી.
Chair, ખુરશી.
Globe lamp, હાંડી.
Bench, બાજટ.
Chandelier, ઝુમર.
Cup, પ્યાલું.
Comb, કાંસકી.
Dish, રકાબી.
Fork, કાંટો.
Knife, છરી.
Spoon, ચમચો.

Goblet, કાંસીયો.
Censer, ધુપદાન.
Pan, પેણો.
Kettle, કિટલી.
Mortar, ખાંજીપરાય.
Pestle, બતો.
Scissors, કાતર.
Sieve, ચાળણી.
Tongs, ચિપિયો.
Jar, બરની.
Jug, કુંજો.
Lantern, ફાણસ.
Mat, સાદડી.
Plate, રકાબી.
Broom, ઝારૂ.
Brush, પીછી.
Funnel, ગળની.
Watch, ઘડિયાળ.

SLEEP.

Bed at eleven,
Up at seven;
Twelve and eight
Will do, though late.

He that would thrive.
Must rise at five;
He that has thriven,
May lie till seven.

Early to bed, and early to rise,
Makes a man healthy, wealthy, and wise.

Of sleep seven hours will your vigour restore,
Or eight hours at most—only babies need more.

If much you've, to do be sure you rise soon.
One hour in the morning's worth two after noon.

FOOD.

Your meals should be three—
Breakfast, dinner, and tea;
No more if you wish a long liver to be.

If you wish your life to last,
See you never eat too fast;
Reason why; if you should question,
Thorough chewing helps digestion.

After meal-hour take rest,
Thus the better 'twill digest;
Spend the time in lively chat,
Welcome business after that.

Wine beer or spirits, he that swills,
Lays up a store of future ills;
Sooner or later comes the day,
He must a dismal reckoning pay.

EXERCISE.

Exerciee in open air,
Keeps the system in repair;

All the better it will be,
If pursued with life and glee.

Have an *object* for your walk,
Or a friend with whom to talk;

Only thus, 'tis understood,
Will your walking do you good.

Merry sport and manly game,
Lend a vigour to the frame;

Which can ne'er be felt by those,
In dull dumps who like to doze,

These are surely pleasant ways,
To prolong your youthful days.

TIME.

Sixty seconds make a minute,
Time enough to tie my shoe;
Sixty minutes make an hour,
Shall it pass, and nought to do?
Twenty-four hours will make a day,
Too much time to spend in sleep;
Too much time to spend in play,
For seven days will end the week.
Fifty and two such weeks will put
Near an end to every year;
Days three hundred sixty-five
Are the whole that it can share,
Except in leap year, when one day
Added is to gain lost time;
May it not be spent in play,
Neither any evil crime.
Our time is short, we often say:
Let us then improve it well;
That eternally we may
Live where happy angels dwell.

યુનિયન પ્રેસમાંથી મળશે.

	રૂ૦	આ૦	પૈ૦
ઈંગ્રેજી તથા ગુજરાતી ડીક્ષનેરી (મોટી) વાલમ ૧	૩	૦	૦
,, ,, ગુજરાતી ડીક્ષનેરી (મોટી) વાલમ ૨ થી • દરેકના.	૨	૮	૦
ખરજેનામું દફતર પેહેલું	૩	૦	૦
,, ,, બીજું	૨	૦	૦
,, ,, આઠમું વાલમ ૧ લું.	૨	૦	૦
માહારાજ બાઈબિલ કેસ ઈંગ્રેજી ..	૩	૦	૦
,, ,, ,, ગુજરાતી ..	૧	૮	૦
નયરંગે ઇશ્ક (ઉરદુ નાટક)......	૦	૮	૦
સાવિત્રી (ગુજરાતી નાટક)......	૦	૮	૦
પારસી ગરબા ભાગ ૨ જો......	૦	૬	૦
બાળએલ્લ	૦	૪	૦

	રૂ૦	આ૦	પૈ૦
શોર્ટ સેનટેનસીસ..................	૦	૨	૦
બંદગી (સાદી).............	૦	૪	૦
,, (ગીલીટની)...........	૧	૮	૦
નિતીવચન................	૧	૮	૦
પાઠમાળા અંક ૧ લો	૦	૪	૦
,, ,, ૩ જો	૧	૦	૦
ભુગોળ યુરોપની..............	૦	૪	૦
,, એશીઆની...........	૦	૪	૦
શ્રી સત્ય નારાયણની કથા.......	૦	૬	૦